શ્રી

પવિત્ર લીલાવતી.
નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત
આર્ય દેશી નાટક સમાજને ભજવવા સારૂ

રચનાર
અધ્યાપક. કેશવલાલ શીવરામ—અમદાવાદ.
છપાવી પ્રસિદ્ધ કરનાર.
અધ્યાપક મોહનલાલ કેશવલાલ
તથા
અધ્યાપક જયંતીલાલ કેશવલાલ.
અમદાવાદ.

આવૃત્તિ ૧૯ મી   પ્રત ૫૦૦૦

અમદાવાદ—શાહપુર નવી પોળમાં આવેલા " શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલય " માં પટેલ કાળાભાઈ દલપતરામે છાપી.

સંવત ૧૯૭૫ માઘ   સને ૧૯૧૯. ફેબ્રુઆરી

કિં ૦-૩-૦ ત્રણ આના

શ્રી

પવિત્ર લીલાવતી.
નાટકનાં ગાયનો.

શ્રીમન્ત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત
શ્રી દેશી નાટક સમાજને ભજવવા સારૂ

રચનાર
અધ્યાપક. કેશવલાલ શીવરામ—અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
અધ્યાપક મોહનલાલ કેશવલાલ
તથા
અધ્યાપક જયંતીલાલ કેશવલાલ.
અમદાવાદ.

આવૃત્તિ ૧૯ મી   પ્રત ૫૦૦૦

અમદાવાદ—શાહપુર નરી પોળમાં આવેલા "શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલય" માં પટેલ ડાહ્યાભાઈ દલપતરામે છાપી.

સંવત ૧૯૭૫ માઘ.   સને ૧૯૧૯. ફેબ્રુઆરી

કિં. ૦—૩—૦ ત્રણ આના

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

શ્રી પવિત્ર લીલાવતી નાટકના ગાયનો.

મંગળાચરણ.

નટી— १

ૐ અર્હં શ્રી શંખેશ્વર સ્વામી, છો અજર અમર અંતરયામી ૐ.
પાવન થઉં પદ પંકજ પામી, નિત નમન કરું નિર્મળ નામી,
અમર નિકર ભૂચર ખેચર, નરત કરત, હરખ ધરત,
અરચ સરત, તરત વરત જય જય જય, ૐ—
શિવસુત કેશવ કૃત ગુણગ્રામી, જે પવિત્ર લીલાવતી જગ જામી
વેશ્યાનું વ્યસન, તજવું તદન, પંડિત પસન શિવગ રસન;
સજ્જન સજવું નાટક ભજવું જય જય જય—ૐ.

આનંદી— २

લીલાવતી સમ પ્રિય પતિને તું, રતીમતિથી વશ કર્યને;
નાટકની તું નિપુણ નાયકા, કર્ય નાયક નટવરને;
રજ્ય જસજરને વિજય ધ્વજા કર ધરને.

(નેપથ્યમાં)— ३

આમ કામ સેના તું, વિરહાનળથી વ્યાકુળ થઇ વાઃ;
નટી—આ વાણી વેશ્યાની, જાણી અહીંથી શિઘ્ર જવું આઃ

અંક પહેલો.

કપટકળા— ૪

અનંગ રંગને પુચ્છે.

વિરહાનળથી વ્યાકુળ થઇ વદતી અંગ રંગને પુચ્છે—

ખાનપાન ગુણગાન સ્નાનનું ભાન નહી મન ભંગ;
કીઆ લાલ ઉપર લલચાણી, આળસ મરડે અંગ—રંગને.

કામસેના—જાણી તને અજાણી સ્યાણી પુછે પ્રેમ પ્રસંગ;
મતિ કવળી મેળવ મન મોહન..............................

કપટકળા—....................આ તન તંબુ તંગ—રંગને.

કપટકળા— ૫

અરરર આવ્યો જબર જ્વર આજ.

કામસેના—તે બોલાવી લાવી ? વાલમ વૈદરાજ—અરરર—

કપટ—પટ તપાસી નાડી,પ્રેમ પેટી ઉઘાડી જડીબુંધાડી જીવાડેજસ કાજ
સ્નેહ કુસુમ મકરંદ લગાડી, ઠંડક પમાડી રમાડે રસરાજ. અરરર

કામસેના— ૬

મદન પડયો કેડેરે (૨) ઘણી ગભરાઇરે—મદન૦—

મન હસ્તી મસ્તીમાં આવ્યો, માવત અંકુશ કયાંઇરે—મદન—
કોક વિચીક્ષણ વિણ નિહ્વળ હું, તુજ મન ગાંડી ગણાઇરે મદન—
જો સ્વપ્ને સંજોગ બને તો, પોઢુ પલંગ ફુલ છાઇરે—મદન—
નિંદ્રાપણ પ્રિયવીણ નવ આવે, કાળજડામાં થાય કાંઇ કાંઇરે—મદન

કપટકળા—બળાપો ન કર બાળારે, (૨) વિચારી કાંઇરે—બળાપો—
બધરીત અબ્રિકાને આ કરવું એમાં છે આપણી કમાઇરે—બળાપો

કામ—જોબનપુર તણાઈ જવાની, સ્વારથ સમજ સગાઇરે—મદન—

સુમાત— ૭

સુણ સજ્જન સંધ્યા સમય સેંલને સાર,

ફરવા આવ્યા ફાંકડા, જવું ક્યાં ધાર્યું,
સ્વાર્થદત્ત—અવલોકો ઉંચુ આમ અપ્સરા આ છે,
ચિત લોહાકરશણુ કરે ચમક ચતુરા છે,
સુમતિ—આ ચમક પુતળી, લોહ પુરૂષને ખીંચે;
સ્વાર્થદત્ત—દ્રષ્ટી અમૃતથી સ્નેહ બીજને સીંચે;
સુમતિ—એથી ઉગ્યો આશા તરૂવર અંતરમાં,
ફળ ગૃહણુ કરણુ ઉત્સુક થયો આ કરમાં;
સમસેના—
૮
ઓ સાહેલી, ચાલ્યા પેલા અલબેલા તું મુજને મેળાવ, એ વાલમ બ્હેલા;
મુખને મટકે લોચન લટકે, ચતુર વિચક્ષણુ ચાળે ચટકે;
શું એ સટકે કેમ ન અટકે રમક ઝમક ઠમક. ઓ૦
કપટકળા—ગણિકા થઇને થા નકી ઘેલી, મન મોહનની વાતો મેલી;
પૈસાને સંઘર તું પહેલી, ચડપ ઝડપ સડપતું

કપટકળા—
૯
આ શું આંસું કે ચોમાસું, આવ્યું આંખમાં;
આલી આ ચાલી ખાલી નીઃસાસા નાખમાં;
પર નર ખરેનું જર જીવન હું, હરણુ કરણુ હુશિયાર;
વાનર સમ કંઈ કંઈક નચાવ્યા, નરવરને નિરધાર. આશું૦
મમ અક્કલ આગળ પાગળ એ, આમ કરૂં આધીન;
ખાસ ખાસડાં હુકમ ઉઠાવે, દાસ થઇ નિસદિન; આશું૦
સમ—ખર કે વાનર સમ નહિ, એ નર કામ કુંવર અવતાર;
તું પાગલ નહી નકી પાગલ, એ અહીં નહીં પગ ધરનાર;
આવું અણુઘટતું મુજ આગળ ભુંડી ભાખમાં.
કપટ—વિષય વિષ મય મધુર વચનથી લલચાવું એ લાલ;
પોપટ સમ પટ પકડી પુરૂ, કપટ પાંજરે હાલ. આશું૦

કપટકળા— ૧૦

ઓ અલબેલા આવો, આવો, આવોને પ્યારા લાલ;
તલસે છે, તલસે છે, તલસે છે, તલસે છે તલસે છે તમને એ. ઓ૦
આપના નામનો જાપ જપે, સ્મર તાપ તપે તન આતુર આલી;
પ્રાણુની હાણુ મુંઝાણુ થશે, અડી પાણી છંટાડીએ ચાતુર ચાલી;
કામ છે કામ ભરો ડગ આમ, સુકામની વાડી આ ફૂકડ ફાલી;
અમૃત ક્યારી નાજુક નારી, નીરખી હરખો નાથ;
શેઠ સ્વીકારી કરો તમારી, સુખી થશો તે સાથ.
અવધારીને અરજ અમારી, ઓ અલબેલા—

સુમતિ— ૧૧

પ્રેમ વચન શરથી મન વિંધી, સ્નેહ સાંકળી સજડ જડીરે;
તીરછાં નયન કરે તન તાણે, પ્રિય ચિત્તવૃતિ કેદ પડીરે. પ્રેમ.
આ ગણિકા મમ મન મૃગ ઘેરી, ખસવા દે નહી ગોખ ખડીરે. પ્રેમ.
સત્ય શિયળ નિતિ સંહારણુ, મદન ફોજ ચોતરફ ચઢીરે. પ્રેમ.

કપટકળા— ૧૨

મુકી રફઝક રમણુ રસિલા, છાના માના છેલ છબીલા;
લાલા ચાલો રંગમાં, વિષય ભુજંગમ વિષ ઉતારી.
આપ કરો ઉપગાર ઉગારી, અમૃત છાંટો અંગમાં;

કામસેના— ૧૩

આવો આવો અલબેલા છેલા આ ઘડી,
મારા પ્યારા ન્યારા મુકું નહી આ પાઘડી;
મદન રીપુ મરદી મન મોહન, સુંદર તન આપો આલીંગન
ચતુર પરસ્પર લઇએ ચુંબન— આવો.
વિરહ પિડા હવે નાથ નિવારો;
કપટ—સફળ કરો સંસાર તમારો,

કામ—મુકીને ઝટપટ આપ પધારો. આવો.

કપટ—ઠાલી માલી આ ચાલી તને હું શું નડી.

કામસેના— ૧૪

મારો પાવન કરીયો પલંગ પ્યારા પ્રાણનાથ પધારી;
રમ્યા રસિકાથી રંગ, વિરહ દુઃખ નાથ નિવારી.
આજ ઉપજી શીતળતા અંગ, મને સ્વામીનાથ સ્વીકારી.
શરદઋતુ સોહામણી, પુરણ ચંદ્ર પ્રકાશ;
મંદ પવનની લેહેરમાં, વહાલા વિલસો છો વિવિધ વિલાસ. પ્યા.
અંતઃપુરમાં એકલા છાના રાખું છેલ;

કપટ—આ રતીને રતીપતી તમે, રમી રસિક કરો રંગરેલ;

કામ—તન મન ધન અર્પણ કરી, રંજન થઈ દિન રાત;
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાત તાત. પ્યા.

સુમતિવિલાસ— ૧૫

પ્રિયા મારીરે પ્રાણ થકી તું છે પ્યારી,
ગાલ ગુલાબીએ બીંદુ બીરાજે, મૃગમદનું મનોહારી, પ્રિયા.
કનક કળસ કુચ કંચુકી કસીઆ, સ્પર્શ સદા સુખકારી, પ્રિયા.
નિરૂપમ નારી તને નીરમાવી, ઉર્વશી ગર્વ ઉતારી. પ્રિયા.
રોજ રહીશ તુજ સમીપ રસિલી, સ્વજન સંબંધ વિસારી. પ્રિયા.

સુમતિવિલાસ— ૧૬

ઘેલી કેમ કરે છે ઘેલાઇ, ચુકી મુકી તારી ચતુરાઇ, શું મુંઝાઇ ઘેલી.

કામ—સ્નેહ શસ્ત્રે વિંધાઇ, ચિત ચોરથી ચુંથાઈ;
લ્હાઇ લ્હુંટને લુંટાઇ, મુઓ મદન કરે કહાઇ;

સુમ—રસીલી રસીલી જાય શું રડાઇ, છાનીરે છાનીરે આ નથી કમાઇ.

કામ—શેઠ સમજી રિસાઇ હજુ જાણો જુદાઇ,
એર પઇસાનું પાઇ કરો ન્હાય ત્યાં ચડાઈ;

સુમ-મુકીદે મુકીદે આવી મુરખાઇ આવુંછું આવુંછું લડીશમાં લડાઇ મેલી જોઇતો—   ૧૭

ભાઇ પટારો કેમ ઉઘાડયો, જોઉ કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું ગુંજામાં ઘાલ્યું લેઇ;
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ;
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ.

સુ—ચબાવલા તું ચડી ગયો છે, પરની તારે શી પંચાત;
બસબસ તારે નહી બોલવું, હમણાં પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉચકનાર;
આવ્યા રાંડના હવે અડાવા, બંદા તો ચાલ્યા આ બહાર.

કામસેના—   ૧૮

વાલમ આવેરે, (૨) આલી જાને આ આનંદ કંદ નંદ નંદ.
મંદ મંદ હસી હસાવેરે—વાલમ.
ચંદ્ર વદન મદન મોહન નમન નિજ નચાવે;
ચતુર ચીત ચળાવે, ઇશ્ક ઔષધી લગાવે;
તાપ સહુ સમાવે, ભેટુ ભાવેરે—વાલમ.

કામ—   ૧૯

છબીલા પતિ છોડનારી નથી, જુદી નહીં પડે માછલી નીરથી.

સુ—જરાવાર જઇ હાલ આવું અહીં, અધીરી ના થા સત્ય બોલું સહી
ઘડી એક ઘરમાં નથી ગોઠતું, નથી ચિત વેપારમાં ચોટતું.

કામ—મને પ્રેમ ઓછો દિસે છે પતિ, બીજી કોઇએ શું બગાડી મતી

સુમતિ—અરે વહાલી તું આમ આ શું વદી......................

કામ—.. ....પધારો પલંગે જવાશે કદી.

સહાફુળ— ૨૦

ધર્મ નીતી તજી પણ કદી, નહિ ધમકાવ્યો નામ;
સમજણ વગર સ્વતંત્રતા, આપતાં થયું આમ;
સુંદરી કાંઇ નથી સુઝતુ. એ ટેક.
સંસારમાં સુત સુંદરી, છુટા મુકતાં છેક;
પસ્તાવું પડશે પાછળ થકી, વંઠી જાતાં વિશેક. સુ૦

સેંજ—નિંદાય છે નાત જાતમાં લુચ્ચો કહે એને લોક;
હલકા પડયો સગા વ્હાલામાં, વિવાહ કરશે શું ફોક—
સ્વામી હવે હું તે શું કરૂં.
જાણવું ને ગણવું ભુલી ગયો, અળગો મુકયો આચાર;
જાતો નથી જીન મંદીરે, વળી તજીઓ વહેવાર—સ્વામી૦

બાલબા— ૨૧

આમ વાંક વગર વિરા મારે છે શું,

સેંજ—કાંઇ તારે વશ પડી નથી ધારે છે શું,

સહા—વૃદ્ધ માત પિતાને તું હારે છે શું,

બાલ—ભણી વિદ્યા વગોવી વિચારે છે શું,

સુમતિ—કેમ લાકડી પડી પછાડી..........................

બા—..........જાને માડી ડોળા કાઢી બીક બતાવે મને રડાવે,

સુ—લાતો પડશે ત્યારે રડશે.

બા—ઓ બારે ઓ બાપાજીરે હાય હાય મને મારીરે—આમ૦

સેંજલદે ૨૨

અરે આપણા કુળમાં ઉઠયો અંગારો, હાંહાંરે ઉઠયો અંગારો;
ધરમ કરમ ધન આબરૂ બાળી બળનારો હાંહાંરે. બાળી૦
વેશ્યા વ્યસન સંડાસમાં બુડી નવ બચનારો હાંહાંરે બુડી૦
જશે નિરંતર ઝુરતાં મ્હારો જન્મારો. હાંહાંરે મા૦

વારાંગનાઓ— ૨૩

જય જય જય કૌશામ્બી નૃપતિ, વ્યાપ્યો જશ દેશ વિદેશ;
નિજ વદન વિધુથી ન્યાય સુધા, વસુધા વરસેજ વિશેષ,
મ્હારાજ—શિરતાજ—
પરમ ધરમ મરમ વેધક, પ્રજા તણા પરમેશ;
નિતિની રીતિના ઉપર પ્રીતિ, સાહેબીમાં સુરેશ;
કંગાલને ધન માલ આપીને, કૃપાળુ કાપ્યા ક્લેશ.
આનંદમાં નીત આપની રૈયત, નમન કરે નરેશ. જય જય૦

રાજા— ૨૪

ધીક વ્યભીચારી દુનીયાદારી સર્વ વિસારી,
હાહા ! ! ! નગરશેઠ સુણી હું દિલગીર છું ભારી. ધીક૦
રાજ કાજના જુઓ કાયદા, શી એમાં સત્તા મારી;
લંપટના આગળ લાચારી—ધીક૦
પરના ખેતરનું વાવેતર કદી, આપણાં ઢોર ચરે;
પરને સજા શકાય ન મારી—ધીક૦
ઝેર હળાહળ જો મુરખ જન, પોતાની મેળ પીશે;
કેનો દંડ કરે દરબારી—ધીક૦
કુળાચાર ગણિકાનો એ છે, એ નથી ઠરતી અપરાધી;
વૃધ તમે છો જુઓ વિચારી

પ્રધાન— ૨૫

કરો છો શું વિચાર, કર્યાં વગર ઉચાર;
ખુશી કરો સરકાર, વાર કરવી નહી લગાર,
નગરશેઠનો કુમાર, ઘેર જાય નહી ગમાર;
પટાવી કોઇ પ્રકાર, જવા ઝટ કરો તૈયાર;
કરે શેઠના કરાર, નહી જુઠા થનાર.

જાણ્યો જાણ્યો પાકો તમારો પ્યાર.

આનારીઓ— ૨૬

લીલવતીએ લખી મોકલ્યોરે, કાગળ પ્રીતમ પાસ;
ચાતુર આતુર ચીત થઇરે, વરવા સદગુણી સુમતિવિલાસ;
વ્હાલા વેલા આવજો—
શરદ પુનમની પદમનીરે, ઝાખી જોબનવતી જેમ,
દિનકર કર પીડન ચહેરે, ઇચ્છું અંતર આપથી એમ—વ્હાલા
પરણીને સરવ પ્રકારનારે, પુરણ કરશું કોડ.
રામ સીતા સરખી થશેરે, જાણે રતી રતીપતિ સમજોડ—વ્હાલા.
સગાં સ્નેહી સજ્જન પંચ સાખથી, પરણે વરવધુ સુખ અભિલાખથી
લાડો લાડી લોચન લાયકાઇથી, ચોરી ચોરીએ ચીત ચતુરાઇથી.
મનકુ પ્રેમે પરસ્પર મેળવી, ભલી દુધમાં સાકર ભેળવી;
અન્યોઅન્ય ગ્રહણ કરી, હાથનું શુભ ચીંતવી નીજ સ્વામીનાથનું
સ્હાયયુત થઇ સહુ કાજમાં, પામું મંત્રીનું પદ પતિ રાજમાં;
કન્યે એવો કરાર કરી વરી, અગ્નિ ચંદ્ર સુરજને સાક્ષી કરી;
પત્નિ આ ભવ તને પાળનારરે, કરે કંથ એ કોલ કરાર.
મારા વૈભવમાં તારો ભાગરે, બીજીને તુજ બેઠે ન લાગરે;
કદી નહી અપમાન કરીશરે, તેના જામીન શ્રી જગદીશરે;
હરખે વરત્યાં છે મંગળ ચારરે, કહે કેશવ આનંદ અપારરે.

આનારીઓ— ૨૭

ચાલો ગોત્રજને પગે લાગોરે, વરના વાંસામાં પાપડ ભાગો;
માથે મોતીનો મોડીયો ધારીરે, જમણે હાથે નામણદીવો ઝાલી
આતી ગાતી સૈયર સાથે ચાલીરે, મોટી હોશે વીવાહ વેવાણ મારી

કંકુ તિલક કરી ચોખા ચોડીરે, નાક તાણ્યું છે મ્હોં મચકોડી,
કુંના તારાના દરશન થાયરે, જોડું અવિચળ રહેજો સદાય.

સુગુણમંજરી— ૨૮

વિસરી જઈશ સખીને, પતિ પ્રેમમાં પડી પુન્યશાળી,
ધર્મ ધર્મપત્નિનો, કદી વીસરવો નહીં વિનયવાળી.

સાહેલીઓ— ૨૯

સૈયર સુખકર સંસાર, શિયળ ભુષણ સજીએ.
એ વિણુ નીગુણા નરનાર તનમનથી તજીએ.

પર નર નારી પ્રેમ પ્રદીપમાં, પડી પતંગ સમાનરે,
સુજસ શરીર સળગાવી મુકે, કંઈક નફટ નાદાન— શિ.

અવર અખંડિત અંગ અનોપમ, નહીં મળે એક નાકરે;
શિયળ વિના એવા સદગુણ, સહુ જેમ સોમલ સંપાક,
વ્યભિચારીને સઉ સંસારી, કરે અધિક ધિક્કારરે;
પરપોળે પકડાતાં, પડીયા મ્હોટા જનને માર— શિ.

જાર કરમથી જેહ જગતમાં, કરે કલંકીત કુળરે.
અકલમાં અંગારા ઉઠ્યા, ધર્મ કરમમાં ધુળ— શિ.

વેર વિરોધ વધે વ્યભિચારે, નિશ્ચય ધનનો નાશરે;
શિવસુત કેશવ શિયળવંતના, દેવ સરીખા દાસ.

સુમતિ— ૩૦

ચમકી ચમકી ચતુરા ક્યાં ચાલી, અહીંથી ઉઠીને હાલી,
બેસો બેસો બેસો શું બ્હીવું પ્રમદા અધરામ્રત પીવું.

લીલાવતી—ઉઉં હું ઉઉં હું ઉહું ઉહું.

સુમતિ—............તજ લાજ પતિ તુજ છું હું.

લીલા...અઘટીત અહીં, અઘટીત અહીં નહીં આચરવું.

સુમતી—..............................અહીંયાં અંતઃપુર કરવું,
લીલા—એ૦ સખીઓ, એ૦ સખીઓ મારી આવી,
સુમતી—.................શું સટકી જવું સમજાવી,
લીલા—અળગા રહો અળગા રહોને વળગોમાં,
સુમતી—.................બાળા અમથા બોલોમાં,
લીલા—એ આવી, એ આ આવી હું બાઇ,
સુમતી—...................આવી કર નહી આડાઇ,
લીલા—માજી માજી બોલાવે મ્હારાં,
સુમતી—......................નહી ચાલે નખરાં ત્હારાં;
લીલા—માં રગડો, માં રગડો મારગ મેલો,
સુમતી—...............છટ્ટીનો છું ઉખડેલો,
લીલા—દમ રાખો, દમ રાખો દ્વાર ઉઘાડાં.
સુમતી—...........લે આ કરી આવું આડાં,
લીલા—સલુણા સલુણા મુજને સપડાવી, પણ નાસું નજર ચુકાવી,
સુમતી—ઠગણી ઠગણી ઠગીને શું નાસે,
લીલા—......................મુક્ો મસ્કરીઓ ચાશે.

સુમતી— ૩૧

આ મુગ્ધાની દુર્ગા માત પીતાએ મુજને વળગાડી;
માન્યું કહ્યું ન મારૂ, અરે રાંડ આ વખત થઇ આડી;
એને બોલાવાના, બ્હાલી વેસ્યાના સોગન ખાધા;—
મ્હોટી ભુલ કરી રંડું, હવે ફરી બોલાવાની બાધા.—

આનારીઓ— ૩૨

પરણી નવશા કૌશમ્બીએ પધારીયા, વાજાં વાગે જોવાને રહ્યાંગે,
સાહેલડી લાડો લાડેથી લાગ્યો લાડણો.

ધન્ય ધન્ય સદાફળ શેઠને, જાન જોડી નાંખ્ય છે નાણું તોડી સા.
રથમાં વરવહુને ચમર વિંઝાય છે, દીસે ડાહ્યા સેંજથદેના જાયા સા.
જગલાડી વરવહુનું જોડું જોઇને, બેઠી ગોખે ઉંડા નિસાસા નાંખે.સા.
મો—લાલ સાહેબને સમજાવે સાનમાં, લલચાવે ને મોતીડે વધાવે;
આહેલડી શેઠની ફજેતીના ફાગકા.
આ–મોટું મ્હાજન સાજનમાં મળ્યું, આવી રાજકચેરી નૃપ પ્રેરી.સા.

અંક બીજો.

સુમતીવિલાસ— ૩૩

હું આની સાથે શું કરૂં, વળગ્યું વેંગ આ ખરેખરૂં;
મનની મેલી મળી, તરછોડીને ટળી, જડિભું બળી, ઉંઘમાં ભળી,
હશે શીંગમાથી સળી, અહીં હવે નહીં ઠરૂં;
તજી ખાનપાન વાટ જોતી, હશે જીવ જાન;
જાઉં ઝટ એના જાન, સાથે મ્હેં જડયા છે જાન;
નડતી પડતી રડતી છોડું છું હવે છળી—તરછોડી.

લીલાવતી— ૩૪

પ્રાણુપતિ પ્રાણુપતિ પ્રાણુપતિરે, અહીં નથી અહીં નથી અહીં નથીરે;
અરે અહીં એકલી મુકીને મને આમ, અચાનક ઉઠી કંથ ક્યાં ગયા તમે
સ્વામી પે'લા સમાગમે આતેશું કરયું,સાંભળેલુ મેં જે હતું તે સાચુ ઠરયું
ખચિત પિયુજી ઉંઘતી જાણી ખસ્યા,આશરે જાણુ છું દેસ્યાઆવાસે વસ્યા.

લીલાવતી— ૩૫

પ્રિય પતિ તમે ઝટ આવો આ સમે;
આપ વિના વિરહ વન્હિ શી રીતે સમે.

વેશ્યા વ્હાલી હતી પતી તો ન'તી પરણ્યી નાર,
નિંદા મુજને નામ ન આવે આપ વગર આ ઠાર;
આભુષણુ અંબર ભીંજાવ્યાં કરતાં અશરૂપાત.
રોતાં રોતાં નથી ખુટતી, અરે રાક્ષસી રાત.
મને ભાસકી સરખુ ભાસે, શયન ભુવન ભરથાર,
ઝાંઝર જાણે જડી બેડીઓ, અકળાવે આચાર;
કનક વલય કરકડી બરાબર, વર વીણુ કેદી વેશ;
આ આંજેલી આંખે લાગે, મરચાં સરખી મેશ—
નંગ જડેલી નવીન કંચુકી, બંધન સરખી બાંધ.
બહુ દુઃખ દે છે કામ દરોગો, હવે કરૂં શું હાય—
અલંકાર ધખતા અંગારા મણીધર ફુલની માળ,
મંદ પવનની લ્હેરો લાગે, જાણે અગ્નિ જ્વાળ—
કસ્તુરી કંકુને કેસર, રસિયા તુજવિણુ રાખ;
પતિ વિણુ કોણુ કરે, પરિપુરણુ અંતરના અભિલાખ—પ્રિય.

કપટકળા— ૩૬

આમ શું કરે છે આલી રજતો ધીરજ ધર;
ધર ધર ધર ચીવર કર નજર નિરખ વર હરખ ભર;
મીલાવ કર કર—
સ્મર જ્વર હર સુખ કર ધનવંતર, ભરજોબન બેડી સુંદરવર;
અધર સુધારસ પાઇ પરસ્પર, કામ ક્રીડા સરખી કર કર—આ.

સુમાત— ૩૭

મોહી રહ્યોછું મંદ હાસ્યમાં રસિથી તારા—મોહી.
એકરાત્રી રહ્યો નહીપરણી ગૃહિણી પાસે,એકલી મુકી આવ્યો આવાસમાં
આપણે બે ભોગવીએ ભોગ એના મૈયર જવાની એક માસમાં. રસી.

કામની તમે કર્યું કાંઇ મને કામણુ,પકડી જકડી પાડયો પ્રેમપાસમાં.રસી.
તુજ થકી અધિક કોઇ વિશ્વ નથી વ્હાલું,પ્રતિજ્ઞા કરૂં છું પ્રકાશમાં રસી.
ગણુજને વ્યાપાર વ્હાલી ધર્મ કર્મ શર્મ તજી,ગાળતીછેવંય બધીવિલાસમાં

લીલાવતી— ૩૮

નાથથી નિરાશ થઇ, મુંઝાઇ હું મરૂં—
લાલથી નથી હું લડી, પ્રાણુ વિના લાશ પડી;
મદન ગીધ ચાંચ ચડી, હાય શું કરૂં—
વ્હાલા વ્યભીચારી થયા, ઉંઘતી મુકીને ગયા;
એક રાંડ રાખી રહ્યા, ઠામ કર્યા દૂરૂં—

સુગુણ— ૩૯

અરે આવડાં શું અકળાયરે એની સઉ સારૂં થશે;
મારા સમ જો મન મુંઝાયરે—
રડી રડી થઇ આંખડી રાતી, કાયા ગઇ કરમાઇ;
મ્લાન દેખીને મુખડુ તારૂં, મને થાએ કાંઇ કાંઇ.

લીલા—કરી નાવલે નાદાની, જશે કેમ જીંદગાની—અરે
સુગુણ—સાસન દેવના સ્હાયથી, તારો સુધરશે સંસાર;
સાચું પતિવ્રત પાળતાં, તારે વશ થશે ભરથાર.
લીલા—મારી છેડા છેડી બાંધી, કરી પુરી આ ઉપાધી—અરે.

લીલાવતી— ૪૦

સખી પરભવ પાપ અમાપ કરી હુંતો અવતરી,
મને ત્રિશ્વ વધુના પ્રતાપ પતિએ પરહરી;
હશે ભરડયાં સજીવન ધાન અણુગળ પાણી વાવર્યાં,
કરયું મુનિવરનું અપમાન પરસાદાનાં ધન હર્યાં,
દીધી વિદ્યા ગુરૂજીને ગાળ લેઇ મત ભાગીયા.

તોડી નાંખી તળાવની પાળ તેના પાપ જાગીયાં;
કાંતો પુન્યની ફોડેલ પર્વ, કે જાન લુટી હશે.
નિજ ધર્મ તજયો ધરી ગર્વ, સખી મારૂં શું થશે.
થઇ પાપી તણી પક્ષકાર, ઉત્તમ અપમાનીયાં.
મુકી અળગો શ્રાવકનો આચાર, મીથ્યાત્વીને માનીયાં;
કુડી સાખ ભરી સરકાર, ખોટાં ખત મેં લખી
દોરી દીન જનને દરબાર, દુશે કરીઆં દુઃખી;
આવાં પાતીક મ્હેં તો અપાર, કરયાં હશે પુરવે.
વેસ્યા સંગી મળ્યો ભરથાર, અરે મને આ ભવે.

સુગુણ— ૪૧

શ્રી જીન દરશન કરવા જઇએ, કાંઇ ફીકર ન કાંઇ;
લીલા—ઉઠોને આદિશ્વર મંદીર, આંગી છે સુખદાઇ;
જીન ગુણ ગાઇ કરીએ પુન્ય કમાઈ— જી.

લીલાવતી— ૪૨

સુણ સાહેલી કરવું શું હવે, શાથી જન્મારો જશે.
સુગુણ—તારા શીયળ પ્રભાવથી, એની સ્વામી તુજ સારો થશે.
વ્હાલે વાંક વિના વિસારી, નળની જે દવદંતીનારી.
પાછી તે પતિએ સ્વીકારી, તેમ એ તારો થશે;

સહાકુળ— ૪૩

ગભરામણ મને ઘડપણમાં આવે છે ઘણીરે,
લંપટ પુત્ર પાકયોરે, હું તો એનાથી થાકયોરે.
મોટું છે ઘર મારૂં, સાસરીયું એનું સારૂં:
ઘણી સમજણી વહુ છે, તનય તણીરે ગભ૦
ગયો લોક લાજેરે આણું કરવા કાજેરે;

મુજને બહુ બનાવી, વહુને નહી વળાવી;
શરમાયો વહુની સખીનાં વચન સુણીરે— ગજા૦
વરસને મહીનારે વીતી ગયા કહીનારે,
હવે ફરી હું જઇને, કાંઇક દિલાસો દઇને;
લીલાવતીને લઇને આવું ઘર ભણીરે— ગજા૦

સુભગા— ૪૪
દુઃખી તું દીકરી મારી, સુખી સમ સાસરી તારી;
પીયરમાં સુખપાલ પણ, કામ ન આવે કાંઇ.

લીલા—સુખી સાસરીયા તણી, સહન કરી સુખદાઇ;
સુગુણ—ગુરૂ શીક્ષા સુણી સારી, બધી દીલમાં લીધી ધારી,
લીલા—અછતાં આવે આળ અહી, કરો વૃદ્ધ વિચાર;
સસરા પુજ્ય પીતા સમા, આવ્યા બીજીવાર,
સોમદત—અરે વર છે વ્યભીચારી, એથી દુઃખ ઉપજે ભારી;

સદા— ૪૫
સુકુળ વધુ તમે સાંભળો દુઃખીયા સસરાની વાતજી;
જો મન ચાય તો માનજો, ભાખુછું ભલી ભાતજી;
ઉંડુંરે હૃદયમાં આલોચજો (એ ટેક).
ભણતાં ભણતાં ભણાય છે લખતાં ગ્રંથ લખાયજી;
મ્હેલ ઝરૂખાને માળીયાં, ચણતાં ચણતાં ચણાયજી. ઉંડું૦—
ડગલે ડગલે ડુંગરો, ચડતાં ચડતાં ચઢાયજી;
સાગર સમ સરોવર તણી, ટીપે ટીપે ભરાયજી. ઉંડું૦—
ઉદ્યમ કરતાં આળસ તજી, દુઃખ દારિદ્ર જાયજી;
એમ ઉપાય આરંભતાં, સર્વ કાર્ય સધાયજી. ઉંડું૦—
એથી આવી ઘેર આપણે, કરશો કાંઇ ઉપાયજી;
ધરમ પસાય થકી થશે, સાસન દેવતા સહાયજી. ઉંડું૦—

સખીઓ— ૪૬

મ્હારી લાયક લીલાવતી બ્હેન ભલે સાસરે સીધારોરે,
યુક્તિ પ્રયુક્તિથી પતિવ્રત પ્રભાવ સ્વામીને સુધારોરે;
બ્રાહ્મી ચંદનબાળાને શીવા સુલશા સુભદ્રા શાસ્ત્રીરે,
પ્રભાવતી પદ્માવતી શીળવતી સીતા કૌશલ્યા વખાણીરે,
પુષ્પચુલા મૃગાવતી કુન્તી દ્રોપતી રાજુલ દવદંતીરે;
સતીના ચરિત્ર સુણી સુપવિત્ર ગુણ ગ્રહી ગુણવંતીરે;
નિત્ય પ્રણમીએ પ્રભાતે ગુરૂદેવરે જીણંદ જયકારી,
પછી સારીયે સાસરીયાની સેવરે, વિનય ધર્મ ધારીરે;
સખી પુરેપુરા પ્રથમથી વીચાર કરી, કાર્ય કાંઇ કરીએરે,
શીખ સાસરવાસમાં વીરા, કેશરની લેઇને વિચરીએરે.

લીલાવતી— (સ્વગત) ૪૭

રે કર્યો વેશ્યાએ કેર, ઉપજે ઝેર, વાળવું વેર, હવે શા બાને,
હું કાળી નાગણ થઇ ડસું ગણિકાને.
આ જોબન રસ ઝલકાય વસુ વનમાંય લાલવિણ લાય ઉઠે અંગે,
શી યુક્તિ કરતાં મળું સજુણા સંગે.
શું કરૂં સુઝે નહી કાંઇ ઘણી ગભરાઇ, મરૂં વિષ ખાઇ, પિયુજીપાખે
નિધણીયાતીના ઉપર નજર સહુ નાખે.
મંગાવુ મહીશી ચાર, જોઇ શ્રીકાર અરે આવાર કહી સસરાને,
હું કાળી નાગણ થઇ ડસું ગણિકાને.

લાલબા— ૪૮

કરી વેશ્યાની યારી બેઠા અટારી પેલા તમારા પ્રાણ,
જાઓ થાઓ સહંયારી, ભાભી અમારી, બેઠા અટારી—પેલા૦
વીંછીનો આંકડો, વેશ્યા છે વસમી, જોજો ન થાએ જાણ,

જાણુશે તો ઝેર આણુશે ઝાઝું, કરશે રાંડ રોકાણું;
જુઓ જળની ઝારી, હાથમાં ધારી— બેઠા०

લીલાવતી— ૪૯

અવર મદન અલબેલો, આતો દીસે અવર મદન અલબેલો—આ.
શરદપુનમના સુધાકર સરીખો, આજ નગરમાં ઉગેલો—આ०
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉં ઝરૂખે ઝુકેલો—આ०
હું નિરભાગી નાથ તજી મને, વેશ્યા આવાસે વસેલો—આ०
ધન મણિકા ધરણીતલ તુજને, પ્રિય કયોં મમ પરણેલો—આ०
ચંદ્ર ચકોરને મયુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો—આ०
મધ્યારી વેશે નહી જાણે, મમ છળ છેલ છબીલો—આ०

સાહેલીઓ— ૫૦

ગરબો.

સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએરે,
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરિધાન;
સાસુ સસરા માતપિતાની સેવા સાચવોરે,
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન;
એવા ઉત્તમ ગુણુથી ઉભય સુકૂળ અજવાળીએરે. (ટેક)
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ,
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ;
હસવું રમવું જમવું એકાંતે નવ બેસવુંરે,
પતિવિણુ પતિના પણ સહમિત્રોની સંગાથ—એવા०
નાથ વિના કરવી નહિ, વિનોદ રસની વાત,
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું, ભલે ભાત કે તાત;
સજની ભ્રષ્ટ થવું નહિ, સુધરી સદ આચારથીરે,
નિર્લજ નટખટની સોબત તજવી સુજાત—એવા०

કુબ્જી કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિહીણુ પતિત પતિ મળે, એ સતીને સુરરાય;
જોડી પગ અંગુઠે, દૃષ્ટિ આધું ઓઢીએરે,
સુખકર સાચવીએ સહુ સાથે સંપ સદાય—એવા૦
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ,
કાલન બ્હેન કરવો નહી, વડિલથી વિવાદ;
ચંચળ ચાલે ચટક મટક, ચતુરા નવ ચાલીએરે,
શીવસુત કેશવની શીખામણુ અંતર યાદ—એવા૦

લીલાવતી— ૫૧

અમૃત સરખું સુખકારીરે, મીઠડું મહી વેચું મહી વેચું,
લ્યો કૌશામ્બી નરનારીરે, મીઠડું મહી વેચું મહી વેચું.

સુમતી— ૫૨

આ ભરવાડણી અજબ અપાર અજબ અપાર, દીઠી—આ૦
રંભા થકી પણુ અધિક રૂપાળી, કે ઉમીયા અવતાર;
શેષ સમા શીશ કેશ સુશોભિત, શશીવદની સુખકાર,
શુક સમ નાકે નથની થરકે, અરૂણુ અધર નિરધાર;
ચંપકવરણી એ મૃગનયની, મારી કટાક્ષ કટાર—આ૦
કેસરી સરખો લંક કટીનો, તુંબ નિતંબ આકાર—
અંગ અનોપમ કાંબળ ઓઢી, કોકિલ કંઠ ઉચાર—

લીલાવતી— ૫૩

અમૃત સરખું સુખકારી, મીઠડું મહી વેચું મહી વેચું.
લ્યો કૌશામ્બી નરનારીરે મીઠડું—

સુમતિ—મારે મહી લેવું મહી લેવું.
આપોને મટકી ઉતારીરે, મ્હારે મેંવારી મોહનમારીરે—મ્હારે.

ચટપટ ઘુંઘટ પટ ખોલોરે, મ્હારે મહી મુલડાં બરાબર બોલોરે મ્હા.

ભૈયારી—   ૫૪

મેતાજીરે શું મહી મુલ બતાવું, ચાખો પછી ભાવ જણાવું;
મળશે નહીરે હદી દુનિઆમાં આવું, સમજુને શું સમજાવું.
જુગતીથી રોજ જમાવું, લ્યો લાલન શું લલચાવું.
ખાધા કેડે ખુશ થાવું, તક જાશેરે તો પડશે પસ્તાવું;   સ.
સુ—મહી મીઠુંરે મ્હેં ચાખ્યું મહિયારી, તું ગામ કયે વસનારી;
ભ્રકુટીમાંરે ભુરકી ભાસે ભારી, કહો નામ તમારૂં નારી;
વળી કોણ તમારો વિહારી, સ્મિત હાસ્યથી મન હરનારી;
કે' તુજ કુળ કામણગારી, સાવિત્રીરે તુલ્ય ન આવે તારી;
લી—રંગીલારે મારી જાત રબારી, છું રાજપુરે રહેનારી;
હનવો છે રે મમ સ્વામી સુખકારી, મમ નામ સલુણી સારી;
તમો વણીક વડા વેપારી, પુછી કુળ જાત અમારી;
શું વાત વિવાહની વીચારી, મનમોહનરે હું નવ પરણીત નારી;
સુ—અલબેલીરે મારે અનંગ ઉછાળા, સુણી મધુર વચન મરમાળા
લી—નવ સમજુરે હું ભોળી નવ લેર, મહીષી દુઝે મમ ઘેર;
મોંઘુ છે ગોરસ મારૂં, વડી વાત બને નહી વારૂં;
નથી લીધું કોઇ તમારૂં, હું જઉં છુંરે અતિ રતિપતિથી રૂપાળા;
સુ—શા માટેરે વાત જવાની બોલે, મમ જીવ ચડયો ચકડોળે,
લી—અણુઘટતારે ઘાટ તમે ઘડશોમાં, આઘા રહોને અડશોમાં;
સુ—હું આધીનછું અલબેલીરે, તજ તું ગભરામણ ઘેલી;
મહી મુલ કહો મન મેલી, દીલ હરણીરે શું હવે ડાં'પણ ડહોળો મ.
લી—રંગરસિયારે દુરીજનથી મન ડરીએ, કહી ભાવ ખરા શું કરીએ,
સુ—(સ્વગત)ગજગમનીરે મુજથી નજર મીલાવે, નખરેથી નયન નચાવે.

કુમ કુમનો ચંદ્ર કપાળે, તલ ગૌર ગુલાબી ગાલે,
ચમકાવે ચીતડું ચાળે, વશ કરવા રે તસ વચને અનુસરીએ;
દીલમાં દુરીજનથી ન ડરીએ.

સ્ત્રી—વાલાજીરે શી મન વાત વિચારો, મુજને વઢશે ઘણી મારો;
મારગડો મુકોને મન ગમતા, સુંદર રાખુછું સમતા;
ઠીક છો અબળા ઠગનારા, કરો આંખ તણા અણુસારા;
મેં જાણ્યા વિચાર તમારા, ધારો છો તે સ્વાર્થ નથી સરનારે.

સુમતિ— ૫૫

કામણગારી નારી, કે'ને મને વાત તારીરે;
છેલ છબીલી છબી ફૂંકડી, આ દીસે અદભુત;
ગુણ હીણો ગામડીઓ ભુંડો, એનો ભમતો ભુત—કા.
ચતુર વિચક્ષણ તું ચતુરાને, ધણી મુરખ સરદાર;
ચંપકવરણી કેમ ચાલે છે, ગમારથી ઘરબાર.

સ્ત્રી—ડાહ્યા ડમરા તમને પરની લાગે વાત પ્યારીરે;
પગ હેઠળ દાવાનળ સળગે, એ અવલોકો આપ,
અમને પછી શીખામણ આપો, મોહન રાખી માપ—ડા.
નીરલજ નીચ જગતની નારી, આ ગણિકા ગુણહીણ;
કેમ પ્રેમ બાંધ્યો પાતળીઆ, પુરણ થઇ પ્રવીણ—ડા.

સુમતિ—મધુર વચનથી કરે હરણ, મન સુંદર રસિક શરીર;
કોક કળામાં પૂર્ણ કુશળતા..............................

સ્ત્રી—......................................હરે પુરૂષનું હીર;
ભલે લાલ તમાચો મારી મુખડું લાલ રાખોરે;
અલબેલા ઉત્તમ કુળ ઉપજ્યા, આ કુલટા કમજાત;
કામણગારા કેમ બને છે, વદો બરાબર વાત;

સુમતિ— ૫૬

તાબે થયેલું સલુણી તમારા...

મે—.............................મ્હોર આપો મનમોહન મારા

સુ—નાહક આહક નવ ભડકાવો, સત્ય વિચાર સલુણી જણાવો;

મે—કૃપણતા શેઠ તમારે તો કરવી, વા'લી વેસ્યા તણી હોજરી ભરવી;

દામ વીના દહાડો કર્યા થકી વળશે, માલ વેસ્યા મુખડી સમ મળશે.

વેધક વચન વદો શું વિચારી.............................

સુમતિ—.......................શી મરજી છે સલુણી તમારી;

મે—બાળ કશા નહી વેસ્યા વે'માશે, મુકોને હાથ મારો મરડાશે.

હું તો અહી નહી આવું હવેથી, ફાંકડે રાવ શી ફોક ફજેતી;

સુ—મ્હોર આપી લેઉ માલ તમારો, નીત્ય એ વખતનો બાંધીયે વારો;

મેયારી— ૫૭

રીસકણા રીસકણા રીસકણા રીસકણા

એમ જાળ પકડી લાલ, અવળી ચાલ, ચલવો હાલ;

આ મડદાલ વચમાં સાલ બગડે તાલ કરીએ ખ્યાલ;

મુકીને ખલક ખાળ માનસર આ મરાળ રંગે રમોને રસાળ.

સુમતિ—અટકાવે લટકાવે શરમાવે ભરમાવે તરસાવે દરસાવે વ્હાલ.

મેયારી— ૫૮

પ્રીતમ આ પ્રણામ છે ?

સુમતી— હા હા હા હા.

મેયારી—ડાકણનું દબાણ છે ?

સુમતી—ના ના ના ના.

મેયારી—ઢાળા પાડી ભોળી પ્રેમપ્રમોદથી વ્હાલો મારો આ વેચાણ છે.

સુમતી—હા હા હા હા.

નરક કુંડથી નીકળી, પડું અમ્રતરસ ખાણ.

બ્રહ્મચારી—જીવ જીવન સજીવન થવું, ભેટે પદમણી બાણુ.
સુમતી—કરવું સમરપણુ સર્વ પરસ્પર.
બ્રહ્મચારી—પ્રિય શું ? પ્રથમની પીછાણુ છે.
સુમતી—હા હા હા હા.
બ્રહ્મચારી— ૬૦

ચાલીજા ચાલીજા અહીંથી ચુડેલ,
મીઠું તું મનાવી ફંદામાં ફસાવી, પ્રપંચે પટાવી ખેલાવીને ખેલ.
અડાવી ચોળાવી ઉડાવી, બનાવી પઇસા પડાવી છળાવી છટેલ.
હરામી સ્વામી જે હઇયા ફુટેલ, વ્હાલાને મુકીને વંઠી ગએલ;
તરૂણી તજાવી, તેં છેડો વળાવી, રંડા તેં રડાવી મરાવી નાંખેલ.

કામ— ૬૧

ઉઠય ઉઠય અલી જાને તારે ઘેર, ધુતારી ધુતવાને આવીરે;
કયા ભવનું વાળે છે તું આ વેર, ધુતારી ધુતવાને આવીરે.
છેલ છબીલાને છેતરી છીનાળ.ધુ,તારૂં કાળું કર આવ્યો તારો કાળ.ધુ.
બોલી મીઠાંમીઠાં કપટ વચન.ધુ. કરે મલીન મહેતાજી તણું મન. ધુ.
તારૂં પોગળ થયું બધુ પ્રકાશ ધુ. હવે આવીશ નહીં મારે આવાસ.ધુ.

બ્રહ્મચારી—રાંડ આવીશ રસિક કને રોજ, નફ્ફટ ફટ ફટ તનેરે.
તારા મમત ઉપર માણું મોજ, નફ્ફટ ફટ ફટ તનેરે;
તારી ખોટી છે પીતળ જેવી પ્રીત, ન,તુંતો માટી નચાનવા કરે નીત ન.
રમે તમારાથી જે પુરૂષ જાર, ન. એતો જગતનું એંઠું જમનાર ન.
તારી ખચિત ખલક ખુંદે ખાટ ન. તારૂં તન તેતો કુતરાની ચાટ ન.
તને અડતાં મનુષ્ય અભડાય ન. તારા સંગથી નરકે નર જાય. ન.

કામ— ૬૨

કાંક દાળમાં કાળુ મને દેખાય, ધુ. આતો માટી તારા કમણીશું થાય.ધુ.

ગે-મારૂં ફોડી નાંખજે તું હઇયા ફુટ ન.હાહામારા આમાટીએમાથું કુટ ન.
કામ—ભુંડી રાંડ નિચ જાત ભરવાડ, ધુતારી ધમકાવે મનેરે;
અહીંથી તારી મહિ મટકી ઉપાડ—ધુ.
સુમતી—બસ બસ રાંડ ઝાઝું નહી બોલ, આધીરે તારૂં આવી બન્યુરે
તેંતો હાથે કરી ખોયો તારો તોલ—આ૦
સુમતી— ૬૨
માઠું લગાડોતો મારાસમછે સલુણીરે,નથી આનફટમાં બેબદામતીગુણીરે
વચમાંબોલાવ્યા વીણુ બોલી વઢકારીરે,નીચમાંનિચવેશ્યાનિર્લજનઠારીરે
બ્રહ્મચારી— ૬૩
મહી બહુ વેચાય, અહીં નહીં અવાય અપમાન થાય;
મ્હોરો સદાય કયાંથી અપાય, નીચ આધીન નગીના.
સુમતી—આમ ચતુર નાર કરી પુર્ણ પ્યાર ડર નવ લગાર;
નિત્ય આવ્ય દ્વાર, લે મુકતહાર, વળી આપીશ દાગીના.
સુમતી— ૬૪
આજ રંગમાં રસિલીપ્યારીરાતરહો,વીસમહોર કાલને પ્રભાતે લહો.આ.
કટુક વચન કુલટા નહીં બોલે, આટલું સલુણી સુજાત સહો. આ.
બ્રહ્મચારી— ૬૫
નગીનારે નેહ નજર કરી આજ,
અહનિશ હું આધીન અલબેલા, પણ નડવાની પીડાજ.
સુમતી—રે ગણિકાને હું નહી માંડુ, મનથી કરે છો મિજાજ;
રસિલીરે, રાત રહો અહીં આજ;
લે આ વચન તન મન ધન તારૂં, નથી એ કરકેશાનું કાજ.
બ—હું પણ કાલ કરાર કરૂં પતિ, આવીશ નીત અહીં આજ. ન.
હુંરે ભરવાડણ સરજી, પૂરવ પુન્ય કાજ—ન.

અંક ૩ જો.

કામ ૬૬

કરમતણી કથનીરે કયાં જઇને કરૂં,દીલડામાં સળગે દાવાનળ દુઃખજો
ભરવાડણ વેરણના ભંભેર્યા થકા, શેઠ જુએ નહિ સ્નેહે મમ સન્મુખજો
મોજમઝા માણે છે મારા દેખતાં, લાજ ન આવે નિર્લજને લવલેશજો.
અહનિશ એ બેજણરેછે આનંદમાં,કલેશ વિશેષ મને ઉપજેહમેશજો ક.
છેદે છે મહિયારી મારો છાંયડો, કર્યો કંથ વશ કરૂં હવે હું કેમજો
બહુ બોલુતો સાડાબાર વરસ તણો,તુટી જાયતરત પ્રિતમથી પ્રેમજો.ક.

મહીયારી— ૬૬

અમૃત સરખુ સુખકારીરે, લ્યો મનમોહન મહી લાવી.
કા—આ હઇયા શગડી આવીરે, કામણ ટુંમણ કાંક કરે.
બદફેલી કરતાં ફાવીરે કામણ.

કપટ— ૬૮

હજુએ નવ આવતી અટકી.
કામ—કેમ કરૂં જશે કાળજું ફટકી નથી હઠતી પટકી મટકી—હજુ.
કપટ—હાય નયણ રજકણ સમ ખટકી.....................
કામ—.............................છેલ જશે છટકી ત્રટકી.

મહીયારી— ૬૯

અમૃત સરખુ સુખકારીરે, લ્યો મનમોહન મહી લાવી;
બળે મનમાં વેરણ મારીરે, લ્યો.

સુમતી—તુજ દહી અધિકું ગુણકારીરે, આવો મહિયારી મારી.
જશ સહુ રહેશે જખમારીરે—આવો.

મહીયારી—મહિયારી મંત્ર ઉચારીરે, મારૂં આકર્ષણ કરવું;
બહબહતી આ બિચારીરે, એક દીન આદરશે મરવુંરે;

ક—હબી શું હર્ઇયા ફુટીરે, લીધી તુજ લખમી લુટી;
કા—ખાલી થઇ મારી ખુંટીરે. શું કરવું માથું કૂટી.

ફટકણુ ફાટી તું ઝાઝીરે, લોક થકી પણ નવ લાજી;
બધી હાથ કરી તેં બાજીરે, કર મહેતાજીને રાજી.

મ—મીઠડા લ્યોને મહી મીઠું રે, કાળજડુ ઠંડુ થાશે;
આતો નથી અવર અજીઠુંરે. કાળજડુ.

સુમતી— ૭૦

મલપતિ તલપતી રતીમતીરે રંગી આકૃતી રતી નથી તું વિસરતી રતી
નવલવધુ આરપાર હ્રદયમાં ઉતારી, સજળ ચપળ ચક્ષુ બરછી ચમકતીરે
મ—મીઠાં મીઠાં વચન આમ મરમાં ઉચારી;
ધાર્યું છે શું ? ક્યા સુધી ઘર ફ્રતીરે, કાંક મોહની કરી મને રતિપતિ
સુ—સુખદાયક મમ લાયક લલના, જન્મીશું આહેર જાતીમાં જતીરે.
મ—અવળ કાઝ કરે વીધી કહેવુ શું વધારે,
સુ—સલુણા આપ યોગ્ય આ હતીરે, રાખ્ય રાખીને રલા તમે રતિપતિ
સુ—મધુરી તું રાધિકા સમાન મેણું મારમાં.
મ—કૃષ્ણ જેવી આપ નવ કરો કૃતિરે, રમે આંખમાં સાપોલીયા રતિપતિ
કુપ—છટકતી છીનાળ છાલ કેમ છોડતી નથી;
કા—જાને અલીજાને કહુંછું જતીરે, કેમ આવતી હજુ નથી તુ અટકતી
સુ—રમક ઝુમક કરતી નીલ આવશે રસીલી મીઠડુ મહીવેચુ મુખઉચરતી
મ—પ્રેમ પોથી પઢી પ્રવીણ પ્રાણજીવન પાસે;
સુ—ગણિકા ગમારમાં નથી ગતીરે.

કામસેના— ૭૧

મુજને ભીખ માગતી તેંજ કરી, તેંજ કરી ધન માલ મતા હરી
દીલડામાં નવ લેશ ડરી— મુ—
ના કહેતાં નિતનિત ઘર આવે, જા તુજને નથી શરમ જરી. મુ—
કામ નથી ઘરમાં તમ કેર, આ હું સત્ય વચન ઉચરી. મુ—

નાકટી થઇ કદી પણ નવ દેશો, મમ ઘરમાં ફટફેલ. ફરી સુ—
આજ થકી કરો અદીઠ તમારૂં હું ખોટી આ રાંડ ખરી સુ—

મહાચારી— ૭૨

પ્રાણજીવન પુઠે પુઠે પધારો, અહીં છે એકાંત આવાસ અમારો;
કામક્રીડા પાત અહનીશ કરશું, સાહેબ વનિતાની વિનતી સ્વીકારો;
સુ—તું જોબન મદમાતી મહાચારી, મેં નિરખી તુજ નિપુણતા નારી;
છાની રાખું તને છેલ છબીલા, જાણીએ છે બધી જારી વિજારી;
મ—ચાચરી લાલ જવાદો તમારી, હું ગણિકા થકી નથીરે નઠારી;
સુ—જાણ કરીને જગતમાં શું કારણ, હું મધુકર તું તો માલતી મારી

મહાચારી— ૭૩

માથાના મુગટ મારા પરણ્યા કે કુંવારારે.
શાને માટે આપે સગાં વહાલાંને વિસાર્યારે;
કયાં છે માત પીતાજી તમારાં કયાં છે સજ્જન કુટુંબરે,
કયાંછે કયાંછે કયાંછેરે સંબંધતમારો સાચુબોલો અમમારારે.મા.

સુમતી—પવિત્ર પુન્યાત્મા છે માવીત્ર અમારારે,
વેશ્યાની સોબતે તજ્યા વગર વિચારેરે;
આ નગરીમાં એહ વસે છે, વનિતા પિયર વસેલરે.
વનિતા વનિતા વનિતારે અનુપ આકૃતિ એની તારે અનુસારેરે.

લીલાવતી— ૭૪

મારી સખચર શીયળ સોભાગી, દેખી અવગુણ શો તમે ત્યાગી;
આપને ઘટે કરવું ન આવું, કહોતો એહને અહીંયાં બોલાવું.
સુ—સુતો સર્પ જગાડીએ શાથી, અતિ અડચણ થાય એમાંથી;
તું છે સર્વ સખદાવક પ્યારી, એનું કામ નથી અહીં નારી
નિત્ય ભાવના ભોજન કરશું, રસ રંગમાં આપણ રમશું;
અળ્યું છે મન આપણુ બેનું અહીં શું છે પ્રયોજન એનું;

અ—આવું કરીએ નહી મન કાચું, સાંભળોને કહું સાચેસાચું
પ્રિય પરણ્યા તમે મારી સાથ, એતો યાદ લાવો પ્રાણનાથ;
ચઢી ચોરીએ હાથ દબાવ્યો, નખ દેઇને નેહ જણાવ્યો;
તમ સાથે હીંચોળામાં હીંચી, ખસીયાણી પાડી ચીર ખીંચી;
લાગે આટલું તમને અધુરૂ, હજી બીજી નીશાનીઓ પુરૂ;
મને અરધીએ એકલી મુકી, ગયા ચતુર પતિ બધું ચુકી.
સુ—થઉં વિસ્મય સાંભળી વ્હાલી, મળ્યાં દંપતી કોડ દીવાળી;
પ્યારી તારો છે પુરણ પ્રેમ, આવી પહેલું કહ્યું નહિ કેમ;
કર્યો કેમ મહીયારીનો વેશ, નવ જાણ્યું કપટ લવલેશ.
અ—રહે તો જાણ્યું રસીક રીસાળ, પાસે વેશ્યા વિષય વિષ જ્વાલ;
એથી મહીયારી સ્વાંગ ધરીને, તમને વશ કર્યા કપટ કરીને;
સુ—સત્ય વાત સકળ પ્રિયા તારી, મારી અક્કલ ગઇ હતી મારી;
મારી રસમ સરવ તેં સુધારી, ધન્ય ધન્ય પતિવૃતા નારી;
મારા કુળનું કલંક તેં કાપ્યું, તને અધિક સાબાશી શી આપું.

લીલાવતી— ૭૫

મનહર મળતાં મેં મન ગમતું, સરવે સુખડું મળ્યું;
જગતમાં જોતાં સ્વામી સમાગમ, સમ સુખ અવર ન જાણ્યું;ટેક
જીન વચન સુધારસ ચીત્ત ધરશું, સાતે ક્ષેત્રે ધન વાવરશું;
પ્રતિદિન પ્રભુની પુજા કરશું.
પ્રિયા માત પિતા પાયે લાગો, મારી અપરાધ તણી માગો;
સંસાર તણો ચલાનો લાગો.

કામસેના— ૭૬

પ્રીતિ પાલરની કરનાર સરવે સુરખના સરદાર,
નીતિ નિપૂણ ગણે નાદાર, પીડા પામે અપરંપાર;
જેની સાથે જવ તલ બાળી માત પીતા પરણાવ.

તેને ત્યાગી નિરભાગી નર, આપણી પાસે આવે પ્રીતિ.
પાત્ન સુખ પકવાન સરીખું, તૃપ્ત થયા નહી તેથી.
ગણિકા ગમન વમન સમ ગણવું, અરે થશે શું એથી પ્રીતિ:
શું એનાથી કારજ સરશે, એ શું સારૂં કરશે;
શ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે.

સોંજલદે— ૭૭
શીયળ સાચવ્યું તેં પ્રિયા સુતની, વધો વેલ તારા થકી કુળની;
વધુ શું વદું ગુણ તારા વધુ, તને ધન્ય છે સુખ આપ્યું બધું;
અચળ તારૂં રહેજો સુહાસણપણું, સદા સુખમાં જીવજો તું ઘણું;
કળા કેળવી લાવી તુ કંથને, થજો પૂન્યશાળી સુપુત્રો તને.

સુગુણમંજરી— ૭૮
સુખી થજો દેશી સજન સમાજ, ધર્મ પતિ તું ધર્મ કવચ ધરી;
અપરાજીત થઇ આજ— સુ૦
દંપતી આ દ્રષ્ટાંત ત્રિલોકી સુધરોને સુખ કાજ. સુ૦

સઘળા— ૭૯
નાટક નવિન રસાળ રસિક રચ્યું, નાટક નવિન રસાળ;
વહી ગયેલા નિજ વાલમને, પકડી પ્રેમની જાળ;
વેશ્યા ઘરથી નિજ ઘર લાવી, વનિતા બુદ્ધિ વિશાળ—રસિક૦
લીલાવતી—સમ શીયળવતી સતી માંનુની ગુણ મણી માળ;
પ્રેમ વિનયથી વર વશ કરજો, પ્રણમી જગ પ્રતિપાળ રસિક૦
અણહીલપુર પાટણનો વતની રાજનગર રહું હાલ;
જૈનશાળામાં જૈન અધ્યાપક, શિવસુત **કેશવલાલ** રસિક.

અમદાવાદ.	}	**કેશવલાલ શીવરામ**
ઘર નંબર ૭૮૨ હાજાપટેલની પોળ	}	**અધ્યાપક.**